તા.૧૦.૧૨.૨૦૨૪
દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૧

# મેટ્રો શરૂ થતાં થલતેજ ગામ સ્ટેશનથી 1130 લોકોએ મુસાફરી કરી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

શહેરમાં દોડતી મેટ્રોનું 8 ડિસેમ્બરથી વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધી સંચાલન શરૂ કરાયું છે. પહેલા જ દિવસે થલતેજ ગામથી 1130 લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ 1200થી વધુ લોકોએ થલતેજ ગામ સુધી મુસાફરી કરી હતી. જ્યારે બીજા દિવસે સાંજ સુધીમાં જ એક હજારથી વધુએ થલતેજ ગામથી બુકિંગ કરાવી લેતા પેસેન્જરોની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. ફેઝ-1માં બે વર્ષ પહેલાં મેટ્રોનું સંચાલન શરૂ થયા બાદ ટેકનિકલ કારણોથી મેટ્રો રૂટ અને સ્ટેશનનું કામ પૂર્ણ ન થતા થલતેજ ગામ સુધી મેટ્રો શરૂ થઈ શકી ન હતી.